# પાલનપુરની પરિણીતાએ દહેજના મામલે ફરિયાદ નોંધાવી

**પાલનપુર શહેરના પ્રકાશ નગર સોસાયટીની એક પરિણીતાએ પોતાના પતિ સહીત સાસરિયાઓ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ સાથે દહેજ અંગેની ફરિયાદ નોંધાવી હતી**

પાલનપુર, તા.૩૦

પાલનપુરના પ્રકાશનગરમાં રહેતી મૂળ અમીરગઢની પરિણીતા સિતાબેન વિપુલકુમાર મોદીએ પાલનપુર પશ્ચિમ પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણીએ પોતાના પતિ વિપુલ શાંતિલાલ મોદી, સસરા શાંતિલાલ રણછોડદાસ મોદી અને સાસુ ઉર્મિલાબેન શાંતિલાલ મોદી વિરુદ્ધ રૂપિયા ૫૦,૦૦૦ ના દહેજની માંગણી સાથે શારીરીક માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ફ.ગુ.રજી.નં.૧૨૦/૨૦૧૬ થી આઈ.પી.સી.૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩,૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડામાં પ્લાસ્ટીકની થેલીઓ, ચા-કોફીના કપનો બેફામ ઉપયોગ

**પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ લવાતો નથી : હલકી ગુણવત્તાના પ્લાસ્ટીકની થેલીઓ, ચા-કોફીના કપ ઉપર પ્રતિબંધ મુંકવા સંદર્ભે મામલતદારને ગ્રામજનો ધ્વારા ઉગ્ર રજુઆત**

ભિલોડા,તા.૩૦

સાબરકાંઠા અને અરવલ્લી



જીલ્લા સહિત ભિલોડા તાલુકા મથકમાં પ્લાસ્ટીકની થેલીઓ, ચા-કોફીના કપનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે.લોકમુખે ચર્ચાય છે કે દિન-પ્રતિ-દિન હલકી ગુણવત્તાની પ્લાસ્ટીકની થેલીઓ, ચા-કોફીના કપનો બેફામ ઉપયોગ વેપારીઓ ધ્વારા કરતો હોવાથી પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેડાં થઈ રહ્યા હોવાનું જાણવા મળેલ છે પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. ભિલોડામાં પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ કેમ લવાતો નથી તેમ લોકમુખે ચર્ચાય છે.ભિલોડા સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર નાની-મોટી દુકાનોમાં હલકી ગુણવત્તા ધરાવતા પ્લાસ્ટીકની થેલીઓ, ચા-કોફીના કપ ઉપર પ્રતિબંધ મુંકવા સંદર્ભે ભિલોડા મામલતદાર જી. કે. પટેલને ભારત વિકાસ પરીષદ શાખા, ભિલોડા, ગૌ-રક્ષક સમિતી, ભિલોડા અને જાગૃત ગ્રામજનોએ વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરી હોવા છતાં પ્લાસ્ટીકની થેલીઓ, ચા-કોફીના કપ ઉપર પ્રતિબંધ કેમ લવાતો નથી તેમ લોકમુખે ચર્ચાય છે. ભિલોડામાં નાની-મોટી દુકાનો, શાકભાજીની દુકાનો,લારીઓ, ચા-કોફીના સ્ટોલ ઉપર પ્લાસ્ટીકની થેલીઓ અને પ્લાસ્ટીકના કપનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. પ્લાસ્ટીક સદંતર બંધ કરવા સંદર્ભે વારંવાર રજુઆતો કરવા છતાં પ્લાસ્ટીકની થેલીઓ અને પ્યાલીઓનો વપરાશ દિન-પ્રતિ-દિન વધતાં પર્યાવરણ પ્રેમીઓમાં ભારે ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે. પ્લાસ્ટીકને સળગાવવા છતાં પ્લાસ્ટીકનો નાશ થતો નથી જેના કારણે ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વરતાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ચા-કોફીના સ્ટોલ અને ચાની લારીઓ ઉપર ચા-કોફીના રસીયાઓ ચા-કોફી પીધા બાદ મન ફાવે તેમ કોઈ પણ જગ્યાએ પ્લાસ્ટીકના કપ નાખી દેતા હોય છે ત્યારે પ્લાસ્ટીકનો કચરો દિન-પ્રતિદિન ઠેર-ઠેર વધી રહ્યો છે. ભિલોડામાં ચા-કોફીના સ્ટોલ અને લારીઓ ઉપર વેપારીઓ સ્વચ્છતાના નામના લીરેલીરા ઉડાવી રહ્યા છે.

# ડીસાના ગવાડી વિસ્તારની ૨૦ વર્ષિય યુવતિને ડેન્ગ્યુ

ડીસા, તા.૩૦

ડીસા શહેરના વોર્ડ-૯માં આવેલ ગવાડી વિસ્તારમાં યોગ્ય સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે. અહીં વારંવાર રોગચાળો માથુ ઉચકી રહ્યો છે. ત્યારે અહીના હુસેનીચોક વિસ્તારની એક યુવતિને ડેન્ગ્યુ થતા શહેરની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ છે.



પ્રાપ્ત વિગતો મુજબ ગવાડી વિસ્તારમાં આવેલ હુસેની ચોકમાં સફાઈના અભાવે ગંદકી ખદબદી રહી છે. ત્યારે તસલીમબાનુ અલ્તમસખાન શેખ (ઉ.વ.૨૦) નામની યુવતિ છેલ્લા કેટલાક દિવસોથી બિમાર હતી. જો કે પરિવારજનોએ સામાન્ય બિમારી માની હતી. પરંતુ તાવ ન ઉતરતા રીપોર્ટ કરાવતા તેને ડેન્ગ્યુ હોવાનો રિપોર્ટ આવ્યો હતો. હાલ તે ડીસાની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. ડીસા પંથકમાં છેલ્લા ઘણા સમયથી ડેન્ગ્યએ દેખા દીધી છે. તેમાંય શહેરના સ્લમ એવા રાજપુર, ગવાડી, શિવનગર, નવાવાસ, રીજમેટ જેવા વિસ્તારોમાં વારંવાર આવી મહામારી ફેલાય છે અને તંત્ર ચુપચાપ તમાશો નિહાળી રહ્યું હોવાનો લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

# મહેસાણા જિલ્લાને કેશલેસ બનાવીએ



મહેસાણા, તા. ૩૦

નોટબંધીને પગલે પર્વતમાન પરિસ્થતિને પગલે લોકોની નાણાંકીય મુશ્કેલીઓ નિવારવા જિલ્લા કલકેટર આલોક કુમાર દ્વારા કેશલેસ વ્યવહારોની જિલ્લામાં જાગૃતિ આવે તેમજ લોકો ઈ-ટ્રાન્ઝેકશન કરતા થાય તે હેતુથી રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર કચેરી દ્વારા પ્રસ્થાન થયેલ રેલી શહેરના રાજમાર્ગો તરફ ફરી સુત્રોચાર સાથે લોકોમાં જાગૃતિ અંગે પ્રયાસ કર્યા હતા.

મહેસાણા શહેરમાં રાજમાર્ગો પર "કેશ ભુલી જાઓ ડીજીટલ થાઓ" ખાવો-ખરીદો, ચૂકવો અને રીચાર્જ કરો સહિતના બેનરો સાથે રેલીનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત કેશલેસ વ્યવહાર બાબતે ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, પેઝેપ, યુપીઆઈ, ચિલ્લર સહિતની એપ્લીકેશનનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. જિલ્લામાં નેટબેન્કીંગ અને મોબાઈલ બેન્કીંગનો ઉપયોગ સહિતની બાબતો પર બેનર સાથે રેલી યોજાઈ હતી.

આ ઉપરાંત ૧૦૯૮ બાળ હેલ્પ લાઈન જાગૃતિ અભિયાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બેટી-બચાવો બેટી પઢાવોના સુત્ર સાથે યોજાયેલ રેલીનું પ્રસ્થાન જિલ્લા કેલકટર દ્વારા કરાયું હતું.

આ રેલીમાં અધિક નિવાસી કલેકટર રમેશ મેરજા સહિત જિલ્લાના અધિકારી, શિક્ષકો, વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા કેળવણી મંડળમાં પ્રમુખ તરીકે બિનહરીફ બિપીન શાહની વરણી : મિત્રવર્તુળ દ્વારા અભિવાદન

મોડાસા, તા. ૩૦

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા



તેમજ સમગ્ર ઉત્તર ગુજરાતમાં શૈક્ષણિક નગરી તરીકે મોડાસા શહેરને નામના અપાવનાર અને ૧૦૦ વર્ષની નજીક પહોંચી ગયેલી સંસ્થા એટલે મોડાસા કેળવણી મંડળ આ સંસ્થામાં ૬૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેના વટવૃક્ષ નીચે હાલ અભ્યાસ કરી રહ્યા છે. મોડાસા કેળવણી મંડળમાં સેવા આપતા બિપિનભાઈ શાહની સેવાને બિરદાવતા સંસ્થાના હોદેદારોએ સતત ચોથી વખત તેમને બિનહરિફ પ્રમુખ તરીકે વરણી કરતા શૈક્ષણિક નગરીમાં આનંદ છવાયો હતો. તેમના મિત્રવર્તુળ દ્વારા બિપીનભાઈ શાહને અભિનંદન પાઠવ્યા હતા. જેમાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ, સરસ્વતિ બાલમંદિર મંડળના પ્રમુખ નિલેશ જોષી, ઘાંચી હાઈસ્કૂલ મંડળના પ્રમુખ રાજાબાબુ, જેસીઆઈ પ્રમુખ ડૉ. સંતોષ દેવકર, વિનોદભાઈ પટેલ અને મારૂતિ વિકાસ મંડળના મંત્રી રેજીમોન થાઈલે પુષ્પગુચ્છ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# શામળાજી નજીકથી ૫ કલાકમાં ત્રણ જુદા જુદા વાહનોમાં ૨.૯૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીકથી શામળાજી પોલીસે મંગળવારે સાંજના સુમારે નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા સીમાડાઓમાંથી હોન્ડાસીટી કાર, સ્કોડા કાર તેમજ ૪ બોલરો કારમાંથી ૫ કલાક જેટલા



સમયમાં ત્રણ વાહનોમાંથી ૨.૯૪ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી હોન્ડા સીટી કાર ચાલકની ધરપકડ કરી અન્ય બે વાહનચાલકોને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ ઝાલા અને તેમની ટીમ દ્વારા રાજસ્થાન તરફથી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર વિદેશી દારૂ અને આલ્કોહોલિક બિયર ઘુસાડવા સતત પ્રયત્નશીલ આંતરરાજ્ય બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો. શામળાજી પોલીસે મંગળવારે સાંજના સુમારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા અણસોલ ગામની સીમમાંથી હોન્ડા સીટી કાર (ગાડી નં. જીજે.૦૧.એચએન.૧૨૪૪)ને અટકાવી તલાશી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની બોટલો ૬૪૨ કિંમત રૂ. ૧૪,૯૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ ૫૦૦ રૂ. તથા હોન્ડાસીટી કારની કિંમત ૩૦ લાખ મળી કુલ ૪૪૯૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક નરેશ કુરજી કલાલ (રહે. વાણવસા, તા. સાબલા, ડુંગરપુર રાજસ્થાન)ની ધરપકડ કરી અન્ય બે શખ્સો વિનોદભાઈ દલીચંદ કલાલ (રહે. બડૌદા, તા. આસપુર, જી. ડુંગરપુર, રાજસ્થાન) તથા ભીમસીંગ રહે. ભીંડર ઉદેપુર રાજસ્થાન વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

તદ ઉપરાંત સ્કોડા ગાડી (નં. જીજે.૧.એચકયુ.૮૫૧૩)નો ચાલક અણસોલ નજીક પોલીસ ચેકીંગ જોઈ રોડ પર ગાડી મુકી ફરાર થઈ જતા શામળાજી પોલીસે કારમાંથી તલાશી લેતા ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ, બીયરની બોટલો ટીન નંગ ૭૫૫ કિંમત રૂ. ૮૯,૮૦૦ તેમજ ગાડીની કિંમત રૂ. ૨૦ લાખ મળી કુલ ૨૮૯૮૦૦નો મુદ્દામાલ જપ્ત લઈ સત્રીના સુમારે જાબચીતરીયા નજીકથી અન્ય એક બીનવારસી જીપ (ગાડી નં. જીજે.૯.બીઓ.૩૮૦૭)માંથી બોટલો, બીયરનો વિદેશી દારૂ નંગ ૫૫૨ કિંમત રૂ. ૫૫,૨૦૦ તથા જીપગાડીની કિંમત રૂ. ૨૦ લાખ મળી કુલ ૨૫૫૨૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બંન્ને ચાલકો વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીના કૌભાંડનું પગેરૂ શોધવા નાયબ નિયામક મોડાસામાં ઉતર્યા

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ બોગસ વહીવટી કારણોસર ૧૦થી વધુ પ્રા. શિક્ષકોની ગેરકાયદેસર બદલીઓ કરી મનપસંદ જગ્યા પર મુકી દેવાયાના સમાચાર પ્રસિદ્ધ થતાં ગાંધીનગરથી નાયબ નિયામકની ટીમે નાની ઈસરોલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીની મુલાકાત લેતા સમગ્ર કૌભાંડમાં ગોટાળા બહાર આવવાની શક્યતા છે.

અરવલ્લી જિલ્લામાં ઈ. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા એ.પી. ઝાલા તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરાલની મિલીભગતથી ૧૦ થી વધુ પ્રાથમિક શિક્ષકોની વહીવટી કારણોસર બદલી કરી દેવામાં આવી હતી અને મનપસંદ જગ્યા પર નિયામકના હુકમ છતાં ગેરકાયદેસર રીતે હાજર કરી દેવાયા હતા. આ અંગેની વિસ્તૃત રજુઆત લેખિતમાં પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન વસંત પટેલે રાજ્ય સરકારમાં કરતા અને આ અંગેના સમાચાર પ્રસિદ્ધ થતાં આજે ગાંધીનગરથી નાયબ નિયામક પંચાલની ટીમ મોડાસા પ્રા. શિક્ષણાધિકારી કચેરીમાં આવી હતી અને નાની ઈસરોલ શાળામાં જઈ ગેરકાયદેસર હાજર કરાયેલા શિક્ષકોના જવાબો લેવામાં આવ્યા હતા. તેમની સાથે તાલુકા પ્રા. શિક્ષણાધિકારી તરાલ તથા એ.પી. ઝાલા પણ જોડાયા હોવાનું સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું. આમ સમગ્ર પ્રકરણમાં નવોજ વળાંક આવ્યો છે અને એ.પી. ઝાલાનું બદલી કૌભાંડમાં અનેકની વિકેટ પડવાની સંભાવના છે.

રાજ્ય સરકારને શુ અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શિક્ષણાધિકારી મળતો નથી કે કેમ ? આવા ભ્રષ્ટાચારનો આક્ષેપ શેતરીંજી કાંડ તથા વહીવટી કારણોસરથી બદલીકાંડમાં સંડોવાયેલા એ.પી. ઝાલા તથા તેમના મળતીયા તાલુકા પ્રાથણિક શિક્ષણાધિકારી તરાલની કચ્છ-ભૂજ બદલી કરવી જોઈએ જેથી ભ્રષ્ટ અધિકારીઓ ગેરરીતી આચરતા પહેલા સો વાર વિચારે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.



અરવલ્લી જિલ્લામાં આજે મોડાસા તાલુકામાં મોટી ઈસરોલ ગામે વધુ એક અજગર પકડીને સલામત રીતે જંગલમાં છોડી દેવાયો હતો. અગાઉ બે વાર અજગર અને સાપ પકડી લેનાર ગામના તબીબ ડૉ. સિદ્ધરાજસિંહ રહેવરે આજે મોટી ઈસરોલના મોટેશ્વર મહાદેવ પાસ દિનેશભાઈ ડી. પટેલ અને સુખરામભાઈ પટેલના ખેતરમાંથી અજગર પકડી લીધો હતો. વ્યવસાયે તબીબ છતાં આવા ઝેરી સાપ કે અજગરને ખુબ જ આગવી કલાથી પકડીને જીવતા જ વનવિભાગને સોંપનાર ડૉ. રહેવર પોતાની આ સેવા બિલકુલ નિઃશુલ્ક આપે છે.

# ઈકબાલગઢ બસ સ્ટેન્ડમાંથી નરાસળ ગામના યુવકનો મૃતદેહ મળી આવ્યો

**મૃતદેહ મળી આવતા સ્થાનિકોએ ૧૦૮ અને પોલીસને જાણ કરી**

પાલનપુર, તા.૩૦



ઈકબાલગઢ બસ સ્ટેન્ડમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. અજાણ્યા મૃતદેહને જોવા લોકોના ટોળા એકત્ર થયા હતા. બાદમાં સ્થાનિકોએ ૧૦૮ અને પોલીસને જાણ કરતા ૧૦૮ અને પોલીસ દોડી આવી હતી. અને અજાણ્યા યુવકની ઓળખવીધી કરવાની તજવીજ હાથ ધરી હતી. જેમાં ૧૦૮ના કર્મીએ મૃતકના મોબાઈલની મદદથી તપાસ કરતા આ યુવક વડગામ તાલુકાના નરાસળ ગામનો યુવાન હોવાનું બહાર આવ્યું હતું. મૃતક નટવરલાલ ધુડાલાલ જાદવ નામનો યુવક હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે પોલિસે મૃતદેહને પી.એમ. અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણા શહેરમાં સર્કીટ હાઉસ અને સિવિલ હોસ્પિટલમા કેશલેસ વ્યવહાર થશે

મહેસાણા, તા. ૩૦

મહેસાણા શહેરમાં સર્કીટ હાઉસ અને સિવિલ હોસ્પિટલ ખાતે આવનાર દિવસોથી કેશ-લેસ વ્યવહાર થશે. જિલ્લામાં સર્કીટ હાઉસ તેમજ સિવિલ હોસ્પિટલ ખાતે જિલ્લા કલેકટર આલોક કુમાર અને અધિક નિવાસી કલેકટર દ્વારા પીઓએસ મશીન મુકવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. બેન્ક દ્વારા આ અંગેની બેન્કીંગને લગતી વિવિધ પ્રક્રિયાઓ પુર્ણ કરી ટુંક સમયમાં આ બન્ને સ્થળે પીઓએસ મશીન કાર્યરત કરશે. પીઓએસ મશીન ઈન્ટોલ થવાથી આ બન્ને જગ્યાએ કેશ-લેસ વ્યવહાર થનાર છે.

આ પીઓએસ મશીન લેન્ડ લાઈનથી કામ કરશે જેમાં દરેક પ્રકારના ડેબીટ અને ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરી શકાશે. આ મશીન દ્વારા રોજબરોજ થતા વ્યવહારો બીજા દિવસે ખાતામાં જમા થશે.

# ટી.જે હાઈસ્કૂલ મહેસાણા ખાતે શિક્ષણ સહાયકોનો ભરતી કેમ્પ યોજાશે

મહેસાણા, તા. ૩૦

ટી.જે હાઈસ્કુલ મહેસાણા ખાતે ૨ ડિસેમ્બરના રોજ સવારે ૯-૩૦ કલાકે ગુજરાતી માધ્યમના એકાઉન્ટ, આંકડાશાસ્ત્ર, તત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અંગ્રેજી, બાલોયોજી, કેમીસ્ટ્રી અને ગણિત વિષયની ભરતી કેમ્પ યોજાશે તેમજ અંગ્રેજી માધ્યમ માટે અંગ્રેજી અને આંકડાશાસ્ત્રની ભરતી કેમ્પ આ દિવસે યોજાશે.

આ ઉપરાંત માધ્યમિક વિભાગ માટે અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિષય માટે સવારે ૯-૩૦ કલાકે ભરતી કેમ્પ યોજાશે. શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયામાં ઓનલાઈન અરજીના આધારે પસંદગી પામેલા ઉમેદવારો કેમ્પમાં ભાગ લઈ શકશે તેમ જિલ્લા શિક્ષણાધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મહેસાણા જિલ્લાના ઉમેદવારો માટે લશ્કરી ભરતી મેળો

મહેસાણા, તા. ૩૦

આર્મી રીક્રુટમેન્ટ કચેરી અમદાવાદ દ્વારા સાબર સ્પોર્ટસ સ્ટેડિયમ ભોલેશ્વર હિંમતનગર ખાતે મહેસાણા જિલ્લાના ઉમેદવારો માટે ૧૬ અને ૧૭ ડિસેમ્બરે લશ્કરી ભરતી મેળો યોજાશે. જેમાં ૧૬ ડિસેમ્બરના રોજ કડી, ખેરાલું, સતલાસણા, ઉંઝા અને વિજાપુર તાલુકાના ઉમેદવારો ભાગ લઈ શકાશે. તેમજ ૧૭ ડિસેમ્બરના રોજ બેચરાજી, મહેસાણા, વડનગર અને વિસનગર તાલુકાના ઉમેદવારો ભાગ લઈ શકશે. આ ઉપરાંત www.joinindianarmy.nic ની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકાશે.

ભરતી કેમ્પમાં એડમીટ કાર્ડ, ગુણપત્રકો અને પ્રમાણપત્રો, જન્મ પ્રમાણપત્ર,ચારિત્ર્ય પ્રમાણપત્ર, એન.સી.સી. પ્રમાણપત્રો, રાષ્ટ્રીય, રાજ્ય અથવા જિલ્લા કક્ષાની રમત ગમતમાં પ્રમાણપત્રો, ઓળખપત્રો, ૨૦ કલર ફોટો, સહિતની વિવિધ પ્રમાણપત્રો લાવવામાં આવશે તેમ જિલ્લા રોજગાર અધિકારએ જણાવ્યું છે.

# હુંજ ગામમાં હજુ ખુંખાર દિપડો ત્રાસ વન વિભાગ કુંભકર્ણની નિદ્રામાં

**હુંજ ગામમાં ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં વારંવાર પશુઓનું મારણ કરતાં ભરવાડો, પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો**



ભિલોડા, તા.૩૦

હુંજ ગામમાં ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં વારંવાર પશુઓનું મારણ કરતાં ભરવાડો,પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. ભરવાડો,પશુપાલકો,ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા છે. હુંજ પંથકમાં ખુંખાર દિપડાએ આજ દિન સુધીમાં ૯ થી વધુ પશુઓને શિકાર બનાવી મારણ કર્યું હોવા છતાં વન વિભાગના અધિકારીઓને વારંવાર રજુઆતો કરવા છતાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા વન વિભાગના અધિકારીઓ ખુંખાર દિપડાને પાંજરૂ મુંકીને કેમ ઝડપી શકતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે.વન વિભાગ ધ્વારા પાંજરૂ મુંકી દિપડાને પકડવાની કામગીરી ના કરાતાં ખેડુતો, પશુપાલકો, ભરવાડો મધ્યરાત્રે ફટાકડા ફોડી,તાપણા કરી ઉજાગરા કરી દિવસો ગુજારી રહ્યા છે.

હિંમતનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ હુંજ પંથક સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં અને ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર પંથકમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો,પશુ-પાલકો,ખેડુતો અને પ્રજાજનોમાં ખડભડાટ મચી જવા પામ્યો છે.હુંજ પંથકના ખેડુતો,પશુપાલકો,ભરવાડો,પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે કે સાબરકાંઠા જીલ્લાના વન વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાને પાંજરૂ મુંકી ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.હુંજ પંથકમાં વસવાટ કરતો ખુંખાર દિપડાના પંજાની તસ્વીર દ્રષ્ટીગોચર થાય છે.